બ્રહ્મભટ્ટ કોમના વિદ્યાર્થી બાળકોને વિના મુલ્યે.

આપણો સંસાર સુખી કેમ થઇ શકે?

અથવા

ગ્રામ્ય મંડળમાં સુધારો.

સંપાદકઃ—

બ્રહ્મભટ્ટ સીતારામ જેસીંગભાઇ શર્મા.

કડી નિવાસી.

પ્રકાશકઃ—

બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ દેવડા નિવાસી.

સત્યપ્રકાશ પ્રેસમાં છાપ્યું.

પ્રકાશકનો ખુલાસો.

આ પુસ્તક બ્રહ્મભટ્ટ કોમના વિદ્યાર્થીઓને કંઈપણ કિંમત લીધા સિવાય મોકલવામાં આવે છે. માટે મંગાવવા ઇચ્છનારે ટપાલ ખર્ચ માટે અડધા આનાની ટીકીટ બીડવી.

પુરેપુરૂં શિરનામું અને અડધાં નાણાં પ્રથમ મળવાથી વી.પી.થી પણ પુસ્તકો મોકલવામાં આવશે.

સામટાં ખરીદનારને એક રૂપીઆનાં સોળ પુસ્તકો આપવાની સસ્તી યોજના પણ રાખી છે, કે જેથી પુસ્તકના ફેલાવા સાથે વાંચનનો બહોળો વિસ્તાર થાય.

પત્ર વ્યવહાર નીચેના શિરનામે કરવો:—

નોટપેડ પત્રનો અસ્વીકાર થશે.

બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ.

સરકારી ચાલ નં. ૧૬.

બીજે માળે રૂમ નં. ૪૧.

મદનપુરા—**મુંબઈ.**

બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ.

તાલુકે વીજાપુર—જીલ્લે અમદાવાદ.

પોષ્ટ કુકરવાડા—**દેવડા.**

આપણો સંસાર સુખી કેમ થઇ શકે?

અથવા

ગ્રામ્ય મંડળમાં સુધારો.

સંપાદક
બ્રહ્મભટ્ટ સીતારામ જેસીંગભાઈ શર્મા,
કડી નિવાસી.

પ્રકાશક
બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ દેવડા નિવાસી.
મુ. દેવડા (તાલુકે વિજાપુર).

સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નાહાલચંદ તથા
ડાહ્યાભાઈ શકરાભાઇ ગાંધીએ છાપ્યું,—અમદાવાદ.

આવૃત્તિ પહેલી—પ્રત ૧૦૦૦
સંવત ૧૯૬૮—સને ૧૯૧૨.

કીંમત રૂ. ૦-૨-૦

નથી વિદ્વતા વાપરી દેશ દાજે,
નથી વાપરી પાઇ જો લોક લાજે;
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો કરી શી કમાણી.

* * *

ભલી ભાર્તભૂમિ વિષે રોજ રે'તો,
હશે કો બિચારો નથી જેહ કે'તો;
"ભલો દેશ મારો ભલી ભોમ મારી,
મને પ્રાણથી નિત્ય છે એજ પ્યારી".

પ્રકાશકના બે બોલ.

ગુર્જર ભૂમિના વતનીઓની–મારા બાંધવોની–અવનતિ જોઇ હમેશાં મારૂં હૃદય દ્રવતું હતું. તેમાં ગામડાઓના રહીશો જે જે અસહ્ય સંકટો સહે છે; તે સંબંધે વિચાર થતાં, નિરંતર મારૂં ચિત્ત અત્યંત મહા વ્યથા અનુભવતું હતું; તથા તેઓને દુષ્ટ રૂઢીઓ, ખરાબ વ્હેમો, અને કુચાલોમાંથી કેમ બચાવી શકાય? તેનીજ વિચારમાળા પ્રતિ પળે મારા હૃદયમાં વારંવાર થતી હતી. વળી મારા નિવાસસ્થાનને લીધે એ સંબંધે મને નીકટનો અનુભવ હોવાથી, મ્હેં એ વાત કડી નિવાસી મારા એક મિત્ર રા. બ્રહ્મભટ્ટ સીતારામ જેસીંગભાઇ શર્મા ને કહી, અને અમારા તે પ્રયાસે આ પુસ્તક પ્રગટ થવા પામ્યું એજ તે સચ્ચિદાનંદ સ્વરૂપ જગત્ નિયંતાનો અત્યંત ઉપકાર.

આ પુસ્તક કેવળ પૈસા ઉત્પન્ન કરવા પ્રગટ કરવામાં આવ્યું નથી. એથી તથા તેમાં એક નવલ કથાના જેવા ભિન્ન ભિન્ન ચિત્રપટો ચીતરવામાં આવ્યા નથી. અથવા નાટકોની માફક હાસ્યરસો ભરવામાં આવ્યા નથી; એટલે વાંચક વર્ગને કદાચ તે ઉપરથી નીરસ લાગે; પરંતુ રૂપ તરફ દષ્ટિ ન કરતાં ગુણગ્રાહી થવું એજ ઉચિત્ ધારી, એવીજ નજરથી આ લઘુ લેખ તરફ જોશો એવી આશા છે.

ગુજરાતી કાંપોઝીટર [illegible] વિદ્યાર્થી બાળોને આ પુસ્તક વિના મૂલ્યે આપવાની યોજના રાખી છે. માટે મંગાવવા ઇચ્છનારે નીચેને સીરનામે પત્રવ્યવહાર કરવો..

પ્રભો ! મારા ભારતીય બંધુઓ અને સ્વકોમી ભાઇઓનો સત્વર ઉદ્ધાર કરો !અસ્તુ.

સરકારી ચાલ. નંબર ૧૯
બીજે દાદર રૂમ નં. ૪૧
મદનપુરા-મુંબાઇ.

લી.
વિદ્વજ્જનોનો કૃપાભિલાષી.
બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ.
પ્રકાશક.

ભૂમિકા.

આ લઘુ પુસ્તકને ભૂમિકાની ઓછીજ આવશકયતા હોય; છતાંએ દરેક પુસ્તક કયા ઉદ્દેશથી લખાયું છે ! તે સબંધે બે બોલ લખવા તે પ્રાચીન પ્રણાલી હોવાથી તેજ નિયમાનુસારે લખેલા આ થોડાક શબ્દો નીરાવશ્યકીયતો નહીંજ થાય.

સાધારણ વર્ગના લોકોના—મુખ્યત્વે કરી ગ્રામ્ય વતનીઓના—જીવનના ઉચ્ચ રહસ્યો, હેમનાં કર્તવ્યો અને સ્થીતિ સમજાવનાર અનુકુળ પુસ્તકની મદદથી તેઓના ક્રમને કંઇક પ્રોત્સાહન બળ મળે તે સંભવિત છે.

બેશક ગુર્જરી સાહિત્યમાં ઉત્તમ લેખકોથી વિભૂષીત ઘણા ઉંચા ગ્રન્થો છે કે જેઓ મનુષ્ય જીવનને ઉચ્ચગામી કરી શકે. પરંતુ ગામડીઆ લોકોમાં વિદ્યાનો અભાવ હોવાથી પ્રથમ તો તેઓ એવા ગ્રન્થો સમજીજ ન શકે; અને વળી તેવા ગ્રન્થોની કીંમત પણ વધારે હોવાથી ગરીબ માણસો તેવાં પુસ્તકો ખરીદવાને પણ અશક્ત હોય. આ સઘળા વિચારોથી, તથા ગામડાની દુઃખી જીંદગીનો ચીતાર નજરે જોવાથી; તેઓને યથાશક્તિ મદદ કરવાનો ઉત્સાહરૂપી આદેશ એજ

•

આ લઘુ પુસ્તકનું ઉદ્ભવન છે. તો તેમાંનું યત્કીંચીત્ કાર્ય પણ જો આ લઘુ લેખ બજાવી શકશે તો હું મને પોતાને કૃતકાર્ય માનીશ અને શ્રમ સફળ થયો સમજીશ.

મારા આ કાર્યમાં દેવડા નિવાશી મહાશય, બ્રહ્મભટ્ટ દેવસીંગ મોહનલાલ—આ પુસ્તકના પ્રકાશક—ની અત્યંત મદદ મને મળી છે. અને ઘણી ખરી વિગતો મને તેમણેજ પુરી પાડી છે. એટલે સુધી કે તેઓ ભાઇની જો મદદ નહતે તો આ પુસ્તક પ્રગટ થવા પામતેજ નહીં. તો તેઓશ્રીનો હું આ સ્થળે ઉપકાર માનું છું.

પુસ્તક પ્રગટ કરવાનો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી અને "મનુષ્યજાતિ ભૂલને પાત્ર છે" એ સુત્રાનુસાર ભૂલચુક હોય તો તે તરફ વાંચકવર્ગ ક્ષમાની દૃષ્ટિએ જોશે. અને હંસરૂપે દુધરૂપી કંઇપણ સાર હોય તે ગૃહણ કરશે એવી યાચના છે. અંતમાં તે પરમ્ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા કે જેની સંપૂર્ણ કૃપાથીજ આ પુસ્તક લખવાને હું ભાગ્યશાળી થયો છું; તેના સ્મરણ સાથે અત્રેજ વિરમુંછું. ઇત્યોમ્

ગેઇટી બીલ્ડીંગ્સ.
મુંબાઇ તા. ૧૦-૬-૧૨

લી.
સજ્જનોનો કૃપાકાંક્ષી
સીતારામ-જે-શર્મા. સંપાદક.



આપણો સંસાર સુખી કેમ થઈ શકે ?

અથવા

ગ્રામ્ય મંડળમાં સુધારો.

ગુજરાતના કડી પ્રાંતમાં કમાલપુર નામે એક નાનું ગામ હતું. ભાગ્યેજ પાંચસો ઘર હતાં. ગામમાં મુખ્ય વસતી ખેડુત કોમની હતી, તથા તેને અંગે જોઇતા કારીગરો, વેપારી વિગેરે લોકો પણ સ્વાર્થને ખાતર ત્યાં વસતા હતા. દિન પ્રતિદિન ગામની દશા ઘણી નબળી થતી હતી. પછી તે ત્યાંના વતનીઓના કાર્યને આભારી હોય. યા ગામના વ્હેમા લોકોના કહેવા મુજબ એ " જમીનના દેવતા ઉડી ગયા હોય ! "

ફરજીયાત કેળવણી હોવાથી ત્યાં પણ એક શાળા હતી, માસ્તર નરભેરામભાઇ ત્યાંના વતનીઓના સદ્‌ભાગ્યે સારા હોંશીઆર અને

દયાળુ હતા. માસ્તર સાહેબે લગભગ ચાળીસ ચોમાસાં જોયાં હતાં, તેથી દુનિયાના અનુભવમાં આવેલા નરભેરામભાઇ લીલી સુકી અનુભવવામાં વેઠવી પડતી વિપત્તિઓને સમજતા હતા. ગામમાં માસ્તર ઉપરાંત મુખી-પટેલ-પણ કંઇક સારા માણસ હતા. જો કે પટલાઇમાં વારંવાર કામ લાગતી સહી કરવાનુંજ તેઓ માંડમાંડ ભણતુંજ પડે માટે મોટપણે શીખ્યા હતા. પરંતુ કાર્ય વસાત્ મોટા મોટા હોદ્દેદારો તથા કેળવાએલા અમલદારોના પ્રસંગમાં આવ્યાથી, અને સરકારી કામે ઘણી વખતે વડોદરે જવા આવવાથી તેમના વિચારો કંઇક ઉચ્ચ આશયના હતા. તેથીજ જ્યારે માસ્તર અને મુખી સાથે મળતા ત્યારે "કમાલપુરના વતનીઓની સ્થીતિ કેમ સુધરી શકે?" તે વિષે વારંવાર ચર્ચા ચલાવતા હતા.

* * * * *

દીપોત્સવી[1] ના તહેવારો હતા. ખેડુતો સારૂં અનાજ પાકેલું હોવાથી આનંદમાં હતા. નાનાં બાળકોને નિશાળમાંથી છુટ્ટી-રજા-મળવાથી ગમ્મત હતી. અધીરા સ્વભાવના માણસોને આજે સારૂં સારૂં જમવાનું મળશે એમ ધારી હર્ષ થતો હતો. આ ન્હાના ગામડામાં એકંદરે સર્વને મન આનંદજ હતો. રાત્રે માટીના કોડીઆમાં એરંડીયાના દીવા સળગાવી સૌ ઘરની બહાર ન્હાના ન્હાના ગોખલાઓમાં મુકતા હતા. કમાલપુરમાં તો આજે રોશની હતી. બાળકો દારૂખાનું ઉરાડતાં-ફોડતાં હતાં, હિંદુ નુતન[2] વર્ષ પ્રવેશવાના અને ગતવર્ષ પૂર્ણ થવાના નીમિત્તના આ અવસરે હર્ષનો કોઇને પણ પાર ન્હોતો. અસીમ[3] આનંદ હતો.

* * * * *

---

૧ દિવાળી. ૨ નવા. ૩ ઘણોજ.

પચ્ચીસ વર્ષની ભર [1]યુવાવસ્થામાં હિંદુ રૂઢીઓથી કંટાળેલો એક યુવક સન્યાસી થઇ ગયો હતો. તે પણ ગુજરાતનોજ વતની હતો. મેટ્રીકનો અભ્યાસ કરવા ઉપરાંત કળાભુવનમાં પણ તેણે શિક્ષણ લીધું હતું. માંતૃભાષા[2] પૂર્ણ કરી હતી. યુવાવસ્થા અને સુંદર કાન્તિથી તેના પ્રત્યે દરેકને વ્હાલ થતું હતું. જીંદગીથી કંટાળેલા તરૂણે ગુર્જર [3]ભૂમિના પ્રત્યેક ગામડામાં, પર્યટન[4] કરી "તેઓ પોતાની સ્થીતિ કેમ સુધારી શકે? દુષ્ટ રૂઢીઓ કેમ છોડી શકે, અને ઉચ્ચગામી કેમ થાય?" એ વિષયો ઉપર ભાષણો કરી ગુર્જરના[5] બાળોને તેમની ખરી સ્થીતિનું ભાન કરાવાનું કાર્ય પસંદ કીધું હતું. અને કેટલેક સ્થળે તે સફળ પણ થયો હતો.

દિવાળીના તહેવારો હોવાથી નિશાળો બંધ હતી. માસ્તર, મુખી અને કેટલાક ગામના લોકો ચોરા આગળ બેઠા હતા. ગામમાંથી કોઇ નવીન માણસ જતું આવતું હોય તો તેને એજ માર્ગે જવાનું હતું. ઉપર જણાવેલ યુવક-તરૂણ સંન્યાસી તેજ રસ્તે થઇ ગામમાં પ્રવેશ્યો. તેના ડોળ અને ચ્હેરા ઉપરથી નરભેરામભાઇએ જોઇ લીધું કે આ માણસ કોઇ ઢોંગી નથી, પરંતુ કંઇક હૈવતવાન છે. આ ઉપરથી ચતુરભાઈ મુખી સાથે સંકેત કરી ત્યાંથી જતા સંન્યાસીને નરભેરામભાઇએ બોલાવ્યો. અને "આટલી ન્હાની વયે સન્યસ્થ ગૃહણ કરવાનું, અને તેથી લોક હીત શું થશે? હમણાં શું કરવા નીકળ્યા છો? કયાંથી આવો છો? કયાં જવા ઇરાદો છે?" વીગેરે પ્રશ્નો તેમણે પુછ્યા. તરૂણ સંન્યાસીએ પોતાનો સઘળો વૃત્તાન્ત તેમને કહ્યો, પોતાના શા આશયો હતા તે તેમને સમજાવ્યા,

---

૧ જુવાનીમાં. ૨ ગુજરાતી. ૩ ગુજરાત. ૪ મુસાફરી. ૫ ગુજરાતના વતની.

અને પોતાનું નામાભિધાન **ભારતીય સેવક** જણાવ્યું. નરભેરામભાઇ તથા ચતુરભાઇને આથી આનંદ થયો. જે વસ્તુની શોધમાં હતા તે વસ્તુ તેમને મળી. માસ્તર સાહેબ સ્વામી ભારતીય સેવકને પોતાના આશ્રમે તેડી ગયા. સ્વામીને માટે રહેવા જમવા તથા સુવા વિગેરેની યોગ્ય ગોઠવણ કરી, અને કમાલપુરમાં પણ સ્વામીને ભાષણો આપવાની વિનંતી કરી. સ્વામી કબુલ થયા. અને ભાષણ કરવાના સ્થળ તરીકે ચોરો મુકરર થયો. સઘળાં ગામ લોક આવે કે નહિં, એ શંકા હોવાથી ચતુરભાઇએ ગામના બધા માણસોએ ચોરા પાસે મળવું એવી ફરજ પાડી.–કારતક સુદ એકમ–નવીન વર્ષના આરંભ દિવસેજ પ્રાતઃકાળથી તૈયારીઓ થઇ. યથાસમયે ચોરો ચિકાર ભરાઇ ગયો. "મુખીએ શા માટે બોલાવ્યા છે?" તેની અંદર અંદર વાતો થવા લાગી. કોઈ કંઈ કહેને કોઇ કંઇ એમ વખત પસાર થતો હતો. ચોરાની બહાર થોડાંક લાકડાં સળગતાં હતાં, હજામો હોકા ભરી આપવાની ધાંધલમાં પડયા હતા. "તંબાકુ કયાં છે ના શબ્દોચ્ચાર [1]શ્રવણપુટમાં વારંવાર અથડાતા હતા. કોઇ જગ્યાએ અફીણનો રગડો કરી એક બીજાને પીવાની ફરજ પાડવામાં આવતી હતી. મોટા અફીણીયાઓ અફીણના નામની મોટેથી કવિતાઓ પોકારતા હતા. છોકરાંઓ સાકર સોપારી લેવાની ઉતાવળ કરતાં હતાં. ચતુરભાઇનીજ રાહ જોવાતી હતી. ગામ લોકોને ખાસ નુતન વર્ષની ખુશાલીમાં રાવણું કર્યું છે એજ ખ્યાલ હતો પરંતુ આજનો રંગ દર વર્ષના રાવણા કરતાં કાંઇ જુદોજ હતો. રહામેની દિવાલ આગળ નિશાળમાંથી લાવી એક ટેબલ તથા ખુરશી મુકયાં હતાં. અને બાજુમાં તથા બાકીના ભાગમાં બેસવા માટે

---

૧ કાન.

બીછાનાં—જાજમ—પાથર્યાં હતાં. સામસામી હારો થવાને બદલે આજે એક પછી એક—નિશાળમાં થતી હારો માફક—હારો કરવામાં આવી હતી. ઘણા ખરા આનો વિચાર કરતા હતા. એટલામાં ચતુરભાઇ અને નરભેરામભાઇ સ્વામી ભારતીય સેવકને લઇને આવ્યા. બિચારા ગામડાના લોકો સ્વામી એટલે શું? એજ ન સમજતા હોય તો સ્વામીને નમન કરવાનું તો સભ્યતા વગર કયાંથી આવડે? સ્વામી ભારતીય સેવક ખુરશી ઉપર બેઠા. બાજુમાં માસ્તર અને મુખી સાહેબ બેઠા. સ્હામે ગ્રામ્યમંડળ બેઠું હતું. મુખીએ હોકા ગગડાવવાનું અને કસુંબા કરવાનું બંધ રખાવ્યું. કોણ જાણે સ્વામીના પ્રતિભાશાળી મુખના પ્રભાવથી યા મુખીના હુકમથી આ ગામડીઆઓ ટપોટપ આજ્ઞાને આધીન થયા. નરભેરામભાઈ ઉભા થયા. અને ટેબલ પાસે આવી બોલવા લાગ્યા.

"ભાઇઓ! આપણી સ્હામે બીરાજેલા સ્વામીને તમોએ હવે જોયાજ હશે? આટલી ન્હાની ઉમ્મરે આપણી હિંદુ રૂઢીઓથી કંટાળી તેમણે સંસાર છોડયો છે. સ્વદેશીય ભાઇઓનું ભલું કરવું એજ તેમનો પ્રાધ્યાન મંત્ર છે. ગુજરાતનું ભલું કેમ થાય? એજ વિચારો દિનરાત તેમના હૃદયમાં છે. આજે આપણાં સદ્ભાગ્ય કે આપણને તેમનો સુયોગ્ય પ્રાપ્ત થયો છે. હમણાં તેઓશ્રી આપણી સન્મુખ "**આપણો સંસાર સુખી કેમ થઈ શકે?**" એ વિષય ઉપર ભાષણ આપવાના છે, ભાઇઓ! તમો તેને ધીરજથી સાંભળશો અને લાભાલાભ ધ્યાનમાં લેશો એવી આશા છે." માસ્તર સાહેબ બેસી ગયા. સભા એ શું અને તેમાં કેમ વર્તવું એ બિચારા કમાલપુરના વતનીઓને શું ખબર? પરંતુ ચતુરભાઇએ કેટલેક પ્રસંગે જોએલું

એટલે માસ્તરના બેસતી વખતે તેમણે તાળીઓ પાડી, તેમનું અનુકરણ બધાઓએ કર્યું. તાળીઓના ગડગડાટે ચોરો ગાજી ઉઠ્યો. અને આજુબાજુથી જોવા માટે કેટલીક યુવતિઓ ટોળે મળી. ધીમે ધીમે મહિલા મંડળનો પણ સારો જમાવ થયો. સ્વામી **ભારતીય સેવક** ઉભા થયા અને એમને તો માસ્તર અને મુખી એ જોસભેર તાળીઓથી વધાવ્યા. ગ્રામ્યમંડળે પણ તેટલાજ જોસથી તેમની નકલ કરી કંઇક શાન્તિ પછી સ્વામીએ શરૂઆત કરી.

यंशेवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो
बौद्धा बुद्ध इति प्रमाण पटवः कर्तेति नैयायिकाः।
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसका
सोऽयं नो विदधातु वांच्छितफलं त्रैलोक्यनाथो हरिः॥

શ્રીમાન સજ્જનો! માસ્તર સાહેબ! મુખી સાહેબ! અને બ્હેનો! આજનો મારો વિષય શું છે? એ રાજમાન નરભેરામભાઇએ તમને સમજાવ્યું છે. આપણી અધોગતિનાં કારણો કેટલાક વ્હેમો, દુર્વ્યસનો, કુસંપ, લખલુટખરચો, અસલના પુરાણા ચીલાઓમાંજ ચાલ્યા કરવું તે અને નિરક્ષરતા–અકેળવણી–વીગેરે છે. હું તમો સઘળાઓ સમક્ષ એ કારણોથી શું નુકશાન છે તે સમજાવવા યથાશક્તિ પ્રયત્ન કરૂં છું.

" કેળવણી "

કેળવણી લીધા સિવાય કોઈપણ સ્ત્રી પુરૂષને ચાલતું નથી. છતાં આપણામાં તો સેંકડે દશ ટકા જેટલાએ કેળવાએલાં માણસો નહીં હોય, સજ્જન પુરૂષોએ કહ્યું છે કે **विद्या विहीनः पशुः!** એટલે વિદ્યા વગરના માણસો પશુ સમાન છે, અને **"પઢેલોજ તે માનવીમાં પ્રમાણી"**—ભણેલો નર માણસમાં ગણાય છે—વિદ્યા કંઇ ખાસ નોકરી માટેજ લેવી એવું નથી. ઘણા માબાપોનું કહેવું એવું છે કે 'અમારે છોકરાને નોકરી કરવી નથી એટલે ભણાવીને શું કામ છે? ખેતી કરશે." પરંતુ ખેતી કરનાર પણ ભણેલો હોય તો પોતાની જીંદગી સુધારી શકે છે. બરાબર હિસાબ રાખવાથી,—ઉપજ ખરચ લખવાથી—પેદાશની ખબર પડે છે. અને જો ઉપજ કરતાં ખરચ વધુ થતો હોય તો તુરત તે ધંધો છોડી બીજો કરે છે. અને ખોટમાં પડતો બચી જાય છે. પરંતુ આપણામાં તો કોઈ ખેડુતો હિસાબ રાખતા નથી. અને કહે છે કે:—**"ખળે હિસાબ"** જે આવ્યું તે બાપનું. પરંતુ અ-વિદ્યાના પ્રતાપે તેઓ બિચારા નથી જાણતા કે આટલા મહિના વરસાદ, ટાઢ, અને તાપ સહ્યાં, અને સખત મજુરી કરી તેમાંથી તેઓ શું બચાવી શક્યા છે. આ સિવાય પણ વાણિયા વિગેરે લેણદારો આપણ અભણ હોઇએ તો બમણા ત્રમણા પૈસા લઇ જવા છતાં એ રકમો જમા ન કરી લેણું કાઢયાંજ કરે છે. અને આપણ અભણ હોવાથી ગમે તેની સાક્ષી કરાવી ખોટા દસ્તાવેજો બનાવી શકે છે. કારણ કે આપણને સહી કરતાં આવડતી નથી. પરંતુ જો આપણ ભણેલા હોઇએ તો તેઓની લુચ્ચાઇ પકડી શકીએ છીએ. અરે!

ધારો કે તમારૂં એક એવું કાર્ય છે કે જો તે બીજો માણસ જાણે તો કદાચ તમને અતિશય હાની થાય. તમે બહાર ગામ રહેતા હો, તો પ્રથમ તો તમારા ઘરના માણસો કાગળ બીજા પાસે લખાવે એટલે લખનારોજ તે વાત જાણે, અને તમારે પણ બીજા પાસે વંચાવવો પડે એટલે તે પણ જાણે. આમ એક વાત બે કાને જતી હતી તે ચાર કાને થઇ. એટલે છુપી ન રહે, ને તમને ભવિષ્યમાં અત્યંત નુકશાન થાય, માટે વિદ્યાભ્યાસ કરવો એ દરેક વ્યકિતને આવશ્યકીય છે. પછી ગમે તો કદાચ થોડું જ્ઞાન સંપાદન કરી સ્વધંધામાં પડે. પરંતુ દરેક સ્ત્રીપુરૂષોએ કેળવણી લેવી જરૂરની છે. વિદ્વાન માણસોને માટે કહ્યું છે કેઃ—

विद्वत्वं च नृपत्वं च नैव तुल्य कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान सर्वत्र पूज्यते ॥

અર્થાતઃ—"રાજા તો પોતાના રાજ્યમાંજ પૂજાય છે, પરંતુ કેળવાયેલો–વિદ્વાન–તો ચારે ખંડોમાં માન પામે છે." દાખલા તરીકે આપણાજ ગામમાં ભણેલો માણસ હોય છે તેની સૌ કોઇ શીપારસ રાખે છે. અને કાગળ પત્ર લખાવવા વંચાવવા તેની પાસે જવું પડે છે, ત્યારે તેને કેટલું માન આપવું પડે છે? માટે કેળવણી લેવી એ આપણો સંસાર સુધારવાનું પ્રથમ પગથીયું છે. પરંતુ તે એકલા પુરૂષોને માટેજ છે એવું નથી. સ્ત્રી અને પુરૂપ બન્ને એક રથનાં બે ચક્ર (પૈડાં) છે. જો તમારા રથનું એક ચક્ર ભાગેલું હશે તો તે કેમ ચાલશે? તેજ પ્રમાણે સ્ત્રીઓ જ્યાંસુધી સુધરશે નહીં ત્યાંસુધી આપણો સંસાર સુખી થવાની કદી આશા રાખતા નહીં. મહાન નર નેપોલીઅને કહ્યું છે કે—

કહે નેપોલીઅન દેશને કરવા આબાદાન,
સરસ રીત તો એજ કે દ્યો માતાને જ્ઞાન.

આપણને તો નામદાર મહારાજા ગાયકવાડ સરકાર તરફથી એ કાર્યમાં કેટલી બધી સગવડતા મળી છે, પરંતુ અત્યંત અફસોસ થાય છે કે આપણુ બધા દંડ ખુશીથી ભરીએ છીએ પરંતુ છોકરીઓને સ્કુલમાં મોકલવા સાફ ના પાડીએ છીએ. આપણાં દુર્ભાગ્ય ! ! !

દાખલો લ્યો. ઇંગ્રેજો અને પારસીઓનો તેમના જેટલી સ્વતંત્રતા ન આપો પરંતુ કેળવણી આપો. કેળવાયેલી સ્ત્રીઓના ઉદરેથી કેવાં રત્ન પાકે છે તેનો વિચાર કરો. જે આર્યાવર્તની સ્ત્રીઓ શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થઇ હતી. જે આર્યબાળાઓ ઘોર રણ-સંગ્રામમાં કમર કસી ઉતરી પડી હતી. તેનાજ વંશોની આર્યકન્યાઓ જરૂર એવી થઇ શકે. પરંતુ કેળવણીના અભાવે તેઓ અજ્ઞાનતાના ઊંડા કુવામાં સડયા કરે ત્યાં સુધી તો કંઇ નહીં. **સ્વામી વિવેકાનંદે** કહ્યું છે કે "અમેરિકાના પુરૂષો સ્ત્રીઓ પ્રત્યે સરસ રીતે વર્તે છે. તેથી તેઓ આબાદ, વિદ્વાન અને ઉત્સાહી છે. ત્યારે આપણે કન્યાઓ રખેને બગડી જાઇ અનીતિમાન બની જાય માટે આપણી કન્યાઓને અગીઆર વર્ષની વય પહેલાં તો પરણાવી દેવામાં નીયમિત છીએ. આપણા મનુ આપણને શી આજ્ઞા કરે છે ? કન્યાઓનું પુત્રવત્ લક્ષ અને ધ્યાન દઇ રક્ષણ કરવું અને તેને સુશિક્ષિત કરવી જોઇએ !"

"તમે તમારી સ્ત્રીઓની સ્થીતિ સુધારી શકો એમ છો ? તેમ થયેજ તમારા કલ્યાણની આશા છે. નહિ તો તમે જેવા અત્યારે છો, તેવાજ સદાને માટે રહેશો."

માટે ભાઇઓ ! વિચારો અને નામદાર મહારાજા સાહેબે કૃપાની રાહે કરી આપેલી સગવડતાનો યથાલાભ લઇ તમે સુધરી તમારા બંધુ-ઓને સુધારવા પણ પ્રયાસ કરો.

"લગ્ન."

લગ્ન જેવા સંસારના ખૂબ ધ્યાન આપવા લાયક અને પ્રથમ વિચારવા જેવા કાર્યમાં પણ આપણે ઘણાજ પછાત છીએ. સુયંત્ર પુતળાંની માફક છોકરાં કે છોકરીઓને તેમના પોતાના લગ્નમાં બોલવાનો કંઇપણ હક ન રાખ્યા સિવાય આપણે લાકડે માંકડાં વળગાડી દઇએ છીએ. આવી રીતોમાં કેટલા સંસારો દુઃખી થાય છે, થયા છે, અને થશે !! અરે રે ! એટલુંજ નહીં પરંતુ પૈસાના લોભી કેટલાએ પાપી પિતાઓ પોતાની બાળકીઓના સુખની પરવા ન કરતાં પાંચ વર્ષની પુત્રીને પચાસ વર્ષના બુઢ્ઢા સાથે અગર પંદર વર્ષની કન્યાને દશ વર્ષના બાળક સાથે પરણાવી દે છે. અને પછીથી—

"બુઢ્ઢાને બાળકી આપી બાંધે છે મીંઢળો મરે,
પિતા પુત્રીતણો પાપી પસ્તાવામાં પછી પડે."

ની માફક થાય છે. કહો ? જ્યાં મુખ્ય બાબતમાંજ આવું દુર્લક્ષ આપવામાં આવતું હોય, તે સમાજ કેમ સુધરી શકે ? જે બાળક અને બાળકીઓ ભવિષ્યનાં માતા અને પિતા થવાનાં છે, અને જેઓનાં સુકાર્યો ઉપર ભારતના ભવિષ્યનો આધાર છે; તેમનો સંસાર આમ બગડેલો હોય તો આપણે શી રીતે ઉન્નત દશાએ આવીએ ? પાંખો કાપી લીધેલ પક્ષી આકાશમાં કેમ ઉડી શકશે ? તેમ સ્ત્રી પુરૂષ અન્યોન્ય પાંખો સ્વરૂપે છે. તો જેની એકાદી પાંખ તૂટેલી હોય તે સંસાર રૂપી ગગન મંડળમાં કેમ ઉડી શકશે ? અરે ! ભાઇઓ ! તમે જો બુદ્દ ધર્મશાસ્ત્રોનેજ વળગી રહેનારા હો, નવીન સુધારામાં એક પગલું પણ ન દેવા ઇચ્છતા હો. તો આપણાં ધર્મશાસ્ત્રો કહે છે તેમ તો કરો. મનુસ્મૃતિમાં કહ્યું છે કે:—

वेदानधीत्य वेदौ वा वदे वापि यथाक्रमम् ।
अविप्लुत ब्रह्मचर्यो गृहस्थाश्रमना विशेत् ॥ ३ । ३ ॥

ભાવાર્થ:—"જ્યારે યથાવત્ બ્રહ્મચર્ય પાળી આચાર્યાનુકુલવર્તિ ધર્મથી ચાર, ત્રણ, બે, અથવા એક વેદ સાંગોપાંગ ભણે તથા જેનું બ્રહ્મચર્ય ખંડિત ન થયું હોય તે પુરૂષ વા સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે." વળી સ્ત્રીની ઉમ્મર કેટલી હોવી જોઇએ તેના માટે મનુસ્મૃતિના નવમા અધ્યાયના નેવુમા શ્લોકમાં છે કેઃ—કન્યા રજસ્વલા થયા પછી ત્રણ વર્ષ પર્યન્ત પતિની શોધ કરીને પોતાને તુલ્ય પતિને પ્રાપ્ત થાય. હવે જ્યારે પ્રતિમાસે રજોદર્શન થાય છે ત્યારે ત્રણ વર્ષમાં છત્રીસ વાર રજસ્વલા થયા પછી વિવાહ કરવો યોગ્ય છે તે પહેલાં નહીં. પરંતુ આપણે તો ધર્મશાસ્ત્રોને પણ બાજુએ મુકીએ છીએ અને રૂઢીશાસ્ત્રાનુસાર વરસ અને ૭ માસની બાળકીઓને તેટલીજ ઉમ્મરના બાળકો સાથે ફેરા ફેરાવી દઇએ છીએ. એ શું ઓછા અફસોસની વાત છે? આટલાં બાળકો લગ્ન સમયે ઇશ્વર સમક્ષ જે કોલકરારોથી વરવધૂ બંધાય છે તે સમજશે કે? અરે! હમણાંના બ્રાહ્મણોજ પોતે નથી સમજતા તો તમને તો કયાંથી સમજાવે. સપ્તપદી એજ શું એ કેટલાક બ્રાહ્મણો તો જાણતા નથી તો તમને તો કયાંથી સમજાવે?! જ્યારે શાસ્ત્રમાં કન્યાનું વય ૧૬ અને વરનું ૨૫ નું યોગ્ય છે એમ લખે છે ત્યારે આપણે તો આમ કરીએ છીએ. ભાઇઓ! કહો કે આપણે હવે કેવી રીતે ઉન્નત દશાપર આવી શકીએ? આવા લગ્નોથી તો દેશમાં દુરાચાર તથા અનીતિ વધી પડે છે. અરેરે! આવાજ લગ્નોથી લાખો બાળ-વિધવાઓને રાતદિન રડવું પડે છે. ગોવર્ધનરામભાઇ એક વખતની આર્યબાળાઓનું ચિત્ર દોરતાં કહે છે કેઃ—

પ્રતિપળ વિધવાને નેત્ર વ્હે ઉષ્ણવારિ,
ભગવતી ધરતીનું ઉર સિંચાય તેથી;
ધરતીપણું તજીને તેથી આ આર્યભૂમિ,
સુતપદ પરદેશી લોકને દેઈ દેશે.

ખરેખર! તેમજ બન્યું છે. જે દેશ એક વખતે સુખ, અને સમૃદ્ધિના શિખરે (આખી દુનિયામાં) પહોંચ્યો હતો; તેજ દેશ આવા કુચાલોએ દુઃખરૂપી ઉંડા ખાડામાં ફસી પડ્યો છે. અને આપણા શાસ્ત્રો પ્રમાણે વર્તનારા (બાળલગ્નને ધીઃક્કારનારા) વિદેશીય લોકો પૂર્ણાનંદમાં મ્હાલે છે. શું આ સાંભળીને તમને દયા નથી આવતી ? અરે! તમારા હૃદયને કંપારી નથી છુટતી ? તમે કરેલી ભૂલો અત્યારે તમને યાદ આવે છે; તો તેનો પ્રથમથીજ વિચાર કરી થતી ભૂલોને સુધારો. અને આપણા દેશને ડુબતો બચાવો !! આપણા હાથે ગરીબ બાળકીઓ આટલી દુઃખી થાય છે, એટલાથી પણ ન અટકતાં બિચારી વિધવાઓની આપણે કેટલી હાડમારી કરીએ છીએ, અને આપણાં દુષ્કૃત્યોથી એમને કેટલું સહન કરવું પડે છે! તેને માટે એક કવિ કહે છે કેઃ–

શી હાય! આર્ય વિધવાની દશા અરેરે!
દેખી સખેદ મનથાય ખરે, હરે! રે!
ઝૂરે સદૈવ વિરહે વળી વ્યાધિ શોષે;
આવે તથાપિ શિર આળ અનેક દોષે.

અરેરે! આપણી તે દુષ્ટ રૂઢીને પ્રતાપેજ સંસારના સુખમાંથી ત્યજાએલી વિધવાઓને અનેક આળ સહન કરવાં પડે છે. ધિઃક્કાર હોજો આપણને કે આપણ હજુએ વિચાર કરતા નથી. અને આવા અનેક દાખલાઓ નજરે નીહાળ્યા છતાં, હજારો બાળવિધવાઓનાં

નિરાશામય જીવન જોયા છતાં આપણ અટકતા નથી. અરેરે! ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ હિંદુઓ જાણી જોઇને ગાય રૂપી ગરીબ દિકરીના ગળે સ્વહસ્તે છરી મૂકતાં તમોને જરીએ ધ્રૂજ નથી છુટતી? સજ્જન વર્ગો! વિચારો! હજુએ કંઇ વીતી નથી ગયું. "જાગ્યા ત્યાંથી સવાર" સમજીને હજુએ ચેતો! ચેતો!! ને ચેતો!!!

" કુસંપ. "

આપણી અવનતિનું ત્રીજું કારણ આપણામાં રહેલો કુસંપ છે. આપણે સમજીએ છીએ; તેના કુફાયદા જાણીએ છીએ, છતાં તેનાથી અલગ નથી રહેતા. એજ દીલગીરીની વાત છે. મહાભારતમાં સમર્થ પાંડવ કૌરવોની કુસંપથી શું અવસ્થા થઇ તે સારી રીતે સમજવા છતાં આપણ નથી સુધરતા એ આપણી કમનસીબી નહિં તો બીજું શું? એક વિદ્વાને કહ્યું છે કે:—

" તન રોગી શીર છત્રતા ધન આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં શીતળ રહે સદાય. "

ભાઇઓ! આપણો સંસાર શીતળ રહે એવું ઇચ્છતા હો તો સંપ રાખો. દ્વેષ, ઇર્ષા, અદેખાઇ વિગેરે છોડી દો. બ્હેનો! ફુરસદના વખતે ભેગાં થઇ નીંદા ન કરો. અને **"ચાર મળે ચોટલા ત્યાં વાળે ઓટલા"** એ કહેવતને ખોટી પાડો. તમારો ફુરસદનો સમય એવા કાર્યમાં રોકો કે જેથી તમને નીંદા કરવાનું મન ન થાય. અને તેમ ન થવાથી લડાઇ ટંટા તથા દ્વેષ મટતાં કુસંપનું મૂળ રહેશે

નહિં. ભરવા ગુંથવાનું શીખો અને સારાં નીતિનાં પુસ્તકો વાંચો; તમારી બીજી અભણ બ્હેનોને સંભળાવો અને ભરતાં, ગુંથતાં શીખવો. તો એકને બદલે તમને બે લાભ થશે. આપણી અભણ બ્હેનો શીખશે અને તમને આશીર્વાદ આપશે; તથા ટંટા ફીસાદો ઓછાં થતાં સંસાર સુખી અને શાન્ત રહેશે. સ્વામી વિવેકાનંદ કહે છે કે, "મારા પુત્રો! કાર્ય કરવા ધસો. તેથીજ ખરો જુસ્સો તમારામાં પ્રકટશે. વ્યવસ્થા કરવાની શક્તિનો આપણા સ્વભાવમાં તદન અભાવ છે. પરંતુ તેને નવેસરથી લાવી પ્રકટાવવો ઘટે છે. આનું મહાન રહસ્ય ઇર્ષ્યાનો અભાવ છે." અરેરે! પરંતુ આપણ હજુ સુધી એ લાભાલાભ નથી સમજતા, અને આપણા હિંદુસમાજમાં બાપ દીકરાને, ભાઇ ભાઇને, સાસુ વહુને, એમ કુટુંબ કલેશથી એ પેલીપાર છેક સંપ્રદાયો સુધી ઝેરવેર અને લડાઈ ટંટાઓ જોવામાં આવે છે. જો આપણ એ ટેવ સુધારી શકીશું તો જરૂર ઇશ્વર આપણને સહાય કરશેજ.

"નકામાં ખરચો."

આવી દુર્દશામાં પણ **જ્ઞાતિવરા** જેવાં અને લગ્ન સમયે વાડી વરઘોડાઓ કાઢવામાં નકામાં ખરચો કરતાં આપણ અટકતા નથી. ઘરમાં કશુંએ હો, વા ન હો, પરંતુ માબાપ મરણને શરણ થતાં, જીંદગીનું ચલન ઘર, ખેતર, અથવા ભેંસ કે બળદ હોય તે વેચી યા દેવાને શરણ થઇને પણ આપણ નામનાની ખાતર મોટી મોટી ન્યાતો કરીએ છીએ. એક દિવસના ભોજન માટે યા નકામી મોટાઇ માટે આપણ વગર વિચારે ગજા ઉપરાંત ખરચ કરી, પાછળથી હમેશને માટે

લોકના **દેણદાર** અને દુઃખમાં સડતા રહીએ છીએ. અરેરે ! મારા બંધુઓ ! તમે પાછળથી પસતાઓ છો. તમારાં દુઃખો હમેશાં બીજા આગળ રડો છો; પરંતુ આગળથી વિચાર કરતા નથી. "**એક દિવસની શોભા અને જન્મારાની ઓભા**" જેવું તમે કરો છો. અરે ! આપણે સ્વહસ્તેજ પોતાના પગપર કુહાડો મારીએ છીએ. લગ્ન પ્રસંગે દારૂખાનું, વાડી વરઘોડા, અને નાચ પાર્ટીઓ જેવા બીન જરૂરી કાર્યોમાં પણ લખલુટ ખરચો કરવામાં આપણ પાછી પ્હાની કરતા નથી. વૃદ્ધના મરણ વખતે અને જેની શક્તિ હોય તેની પાસેથી તો આપણે ન્યાત લઇએ છીએ. પરંતુ ઘણેખરે સ્થળે તો યુવાન પુત્ર મરણ પામ્યો હોય, અને ઘરમાં પુરૂં ખાવાએ ન હોય તોપણ તેને ફરજ પાડવામાં આવે છે. (કોઇ સ્થળે ફરજ પાડવામાં નથી આવતી તો મ્હેણાંના ડરથીએ કરવી પડે છે.) મિત્રો ! શું આ બધું આપણને શરમિંદા કરવાને પુરતું નથી ! હજુએ ચેતો અને ત્હમારા પુત્રોને સુખી કરતા જાઓ. આતો તમે તો દુઃખી થાઓ છો, તે સાથે તમારાં પ્રિય સન્તાનોને પણ દેવા રૂપી દુઃખના દરિયામાં ડુબાવતા જાઓ છો. અને એટલાજ માટે કહેવાય છે કે "**દેવું મુકીને મરનાર બાપ પણ શત્રુ સમાન જાણવો**". ભાઇઓ ! તમે સ્વસન્તાનોના શત્રુ ના બનો. મિત્ર બનો. હિતકર્ત્તા છો એમ મીથ્યા ડોળ ન કરતાં **ખરેખરા હિતકર્ત્તા** થાઓ. પ્રભો ! તમને આવા સદ્કાર્યોમાં મદદ તથા સુબુદ્ધિ આપો." સ્વામીના આ શબ્દોને આખી સભાએ તાળીઓથી વધાવી લીધા. લોકો અત્યંત હર્ષમાં આવી ગયા હતા. અને ભાવિક ગામડીઆઓ સ્વામી તરફ ભક્તિભાવ અને પૂર્ણ શ્રદ્ધાથી રહી એક ચિત્તે સાંભળતા હતા.

"દુર્વ્યસનો."

સમાજની સ્થીતિ બગાડવામાં ખરાબ વ્યસનો પણ મુખ્ય ભાગ ભજવે છે. વ્યસનો બે પ્રકારનાં છે. કેફી અને બેકેફી. પરંતુ તેઓ લગભગ સરખોજ બગાડો કરે છે. ગાંજો, ભાંગ, ચડસ, અફીણ, દારૂ વિગેરે કેફી વ્યસનો છે. તેના પુજારીઓ–પીનારાઓ–ને તો તે દેવસમાન પ્રિય હોય છે. છતાં પૈસા ખરચી પીડા વ્હોરવા જેવું છે. દરેક ડૉકટર લોકોનો એવો મત છે કે **"વ્યસન માત્ર માણસની તંદુરસ્તી ઉપર ખરાબ અસર કરે છે."** આપણે બધા જાણીએ છીએ કે ગાંજો, ભાંગ, ચડસ, અને મધુપાન કરનારાઓ ઘણે પ્રસંગે દિવાના જેવા બની જાય છે, દેહનું ભાન રહેતું નથી, ને ગમે ત્યાં પડી રહે છે. અરેરે! પૈસાના પૈસા જાય અને વધારામાં આમ બે આબરૂ થાય! ભાઈઓ! આ બધું સમજવા છતાંએ તમો ઉપરકથિત વ્યસનોનો સંગ કરશો? અફીણ જેવી ખરાબ ચીજ દુનીઆમાં એકે નથી. સૌ જાણે છે કે અફીણીયાને યોગ્ય સમયે તે ન મળવાથી હાથ પગ ચુંટાય છે, અને અનેક તરેહની વેદના થાય છે. તથા ઘણા ગરીબો અફીણ ન મળવાથી મરી ગયાના પણ દાખલા બને છે. શું આવી પ્રાણ સંહારીણી વસ્તુને સમજુ માણસ કદીએ નજીક આવવા દેશે કે? આવીજ રીતે ઉપરથી બીનકેફી જણાતી તંબાકુ, ચ્હા, વિગેરે પણ અભ્યંતરમાં કેફી છે. ચ્હા પીનારને કકડીને ભૂખ લાગતી નથી; તથા લોહીનો બગાડો થાય છે, અને શરીર નબળું થઇ જાય છે, છતાં આપણે તે છોડી શકતા નથી. આશ્ચર્ય! તંબાકુ એ પણ ઘણુંજ ખરાબ વ્યસન છે.

આપણામાં દરેક ચીજો કરતાં તંબાકુનું વ્યસન સ્વાભાવિક થઈ પડ્યું છે, પરંતુ તે પણ અત્યંત હાનિકારક છે. તેને માટે કહેવાય છે કેઃ—

બીડી પીનારા તણી આંખો અંતે જાય,
કાળજડે ચાંદી પડે અક્કલ ઓછી થાય;
માટે વ્યસન છોડી વિદ્યામાં મન વાળજોરે;
મિત્રો નીતિની શીખામણ સરવે પાળજોરે.

ચલમના ધૂમ્રપાનીયા ભક્તોની હથેલીમાં જોશો તો ખાતરી થશે કે દરરોજ તેને હાથમાં પકડી દમ મારવાથી તેમના હાથનો તે ભાગ બળી ગયેલો હોય છે. તો કાળજા જેવા કોમળ ભાગપર તેની અસર કેમ ન થાય? પરંતુ જેઓ તંબાકુ પીએ છે તેઓ તો સમજે છે કે ખરૂં સુખ તંબાકુની લહેજતમાંજ છે, પણ તેઓ બિચારા નથી સમજતા કે તે **રાક્ષસી** શું નુકશાન કરે છે? હુકા અને બીડીનો ધૂમાડો હૃદયમાં ફેફસાં ઉપર પહોંચે છે અને લોહીમાં મળી જઇ રક્તવાહીનીઓદ્વારા આખા શરીરમાં તે મળી જાય છે. તે ઝેરની અસરથી મનુષ્યને ભારે નુકશાન થાય છે. અને તે ઝેર શરીર તથા ઇંદ્રિય બન્નેને ખરાબ કરે છે. તેનાથી શ્વાસ મલીન થાય છે, જઠરાગ્નિનો નાશ થાય છે. સ્વાદ, સુગંધ, રસ, અને ગંધ શક્તિને ઉડાડી નાખે છે. મગજને અશાન્ત બનાવે છે, હૃદયને ક્ષીણ કરે છે, જ્ઞાનતંતુઓને ઉશ્કેરે છે, સ્નાયુઓને કમ તાકાત કરે છે, કલેજાને રૂંધે છે, દૃષ્ટિને ઝાંખી કરે છે, ચામડીને વિકારી બનાવે છે; તેની ઝેરી અસરથી ચૈતન્યશક્તિ ઓછી થાય છે; બુદ્ધિ બ્હેર થઇ જાય છે; જીંદગી ટુંકી થાય છે; અને અંત લાવે છે. આ ભયંકર નુકશાનો શું ઓછાં છે??

મહાન ડૉક્ટરો જણાવે છે કે તંબાકુમાં "નીકોટાઇન" નામનું ઝેર છે; અને તે શરીરના દરેક અવયવોને નુકશાન કરે છે.

એક અમેરીકન ડૉકટર તો એટલે સુધી કહે છે કે "તંબાકુની ઝેરી અસર પોતાના પંડનેજ થાય છે, તે ઉપરાંત પુત્ર પુત્રાદિકને વારસામાં પણ તે ઝેર મળે છે. અને તે શરીરને ફીકકું બનાવી લોહીના રક્તકણોનો નાશ કરી, તંદુરસ્તીનો ધાણ વાળી નાખે છે; અને નીતિને જરૂર બગાડે છે."

એટલા બગાડ ઉપરાંત વળી જે જમીનની પેદાશમાંથી કરોડો માણસોનો નિર્વાહ થઇ શકે તેવી રસાળ લાખો એકર જમીન તંબાકુ ઉગાડવામાં બરબાદ કરી અર્થશાસ્ત્રને ઉંધું વાળવામાં આવે છે. આથી વધુ ખેદકારક બીજું શું હોય? જો એટલી જમીનમાં અનાજ ઉગાડવામાં આવે તો દુષ્કાળના દોહીલા દિવસોમાં લાખ્ખો મનુષ્યો મરણને શરણ થતાં બચે. જમીનની આમ બરબાદી ઉપરાંત પૈસાનો પણ ધાણ વળી જાય છે. હિંદના ત્રીસ કરોડ વતનીઓમાંથી ઓછામાં ઓછા ચાલીસ લાખ મનુષ્યો માત્ર અડધા પૈસાનીજ દીવાસળીની પેટી લે તોપણ એ લેખે રોજીંદુ ત્રીસ હજાર રૂપીઆનું નુકશાન! વરસ દિવસે કરોડ ઉપર દીવાસળીનુંજ ખરચ. આર્યાવર્તને કેટલી ગંજાવર ખોટ? અફસોસ! વળી બીડી પીનારા ઉપરાંત ખાનારા અને સુંઘનારાઓની સંખ્યા પણ કમતી નથી. આ બધાં નુકશાનો કરતાં એ મોટું નુકશાન તો એ છે કે વ્યસનીઓને જુઠું બોલવાની, ચોરી કરવાની અને લાચારીથી ભીખ માગવાની ફરજ પડે છે. પ્રભો! મારા ભારતીય બંધુઓને આવી સત્યાનાશી રાક્ષસીઓના હસ્તોમાંથી બચાવો!!!

" વ્હેમો ".

આપણા સંસારની ખાના ખરાબી કરનાર સજ્જડ મૂળ પાથરીને બેઠેલા વ્હેમો છે. અમુક વાર સારો અને અમુક નઠારો. આ વખતે તો આ કાર્ય ન થાય; અમુક કાર્ય તો અમુક સમયેજ થાય. વિગેરે અનેક તરેહના વ્હેમો આપણા સ્ત્રી પુરૂષોમાં ચાલે છે. બાળક ભોગ-જોગે માંદુ પડયું, તો તેના રોગની ચિકિત્સા ન કરતાં "નજર" વળગી છે; કરી માથા ઉપર થાળી ફેરવી અંદર અંગારા મૂકી, મીઠાની સાત કાંકરી, લોખંડની ખીલી અને થોડાક માથાના વાળ વિગેરે નાંખી; ઉપરથી છાણથી બંધ કરે છે. કુદરતીજ અંદરની ગરમીના ખેંચાણે અને બહારની હવાના દબાણે વાડકો થાળીમાં ચોંટી જાય છે. અને તેથી વ્હેમી બાઇઓ કહેશે કે જુવો કેવી સજ્જડ નજર વળગી છે! પરંતુ તેઓ ભોળાં! બિચારાં!! નથી સમજતાં કે એવી વસ્તુઓ ભેગી કરી કોઇના માથે ન ફેરવોને એમને એમજ મુકો તો પણ તેનો ચોંટીજ જાય છે. અરેરે! કેટલો વ્હેમ!

તાજી હવા ન મળવાથી અથાણું બગડી જાય, યાતો પરીનો પડવાથી દુધપાક ફાટી જાય તો તેમાં પણ નજરનોજ દોષ નીકળે છે. વ્હેમી લોકો વ્હેમને લીધે ખરૂં કારણ શોધી કાઢવામાં વીલંબ કરે છે. અને રોગીના ખરા રોગને ન શોધતાં, નજર લાગી છે, માતા વળગી છે, વિગેરે ખોટા વિચારોમાં ફસાયા રહેવાથી વિના વિચારે હજારો મનુષ્યો એમ માર્યા જાય છે!!! અફસોસ! કોઈ માણસ માંદુ પડે તો દોરા ધાગા કરાવી યાતો ભૂવા ધુણાવી પૈસા ખરચે છે, અને

ખોટાબોલા ભૂવાઓ અને ધૂતારાઓ માતાનાં નીવેદને બહાને નકામા પૈસા કઢાવે છે. દરદી આગળ મનુષ્યો ટોળે મળી "અરેરે! કેવું શરીર હતું ને કેવું થઇ ગયું છે!" "હાય હાય! તબીયત સાવ લેવાઇ ગઇ છે!" "ભાઇ મને ઓળખો છો? હું કોણ છું!" વિગેરે શબ્દો બોલી નબળા મનના દરદીના હ્રદય પર ખરાબ અસર કરે છે. અને વધારામાં ઢોંગી ધુતારા ભૂવાઓ તેના આગળ મરચાંનો ધૂમાડો કરી, ડાકલાં વગાડી, ઘોર ગર્જનાઓ કરી કરીને તેને ગભરાવી નાખે છે, અરેરે! આપણી કેવી નિર્દયતા? દરદીની સારવાર કરવાને બદલે આપણ તેને મારવામાં મદદ કરીએ છીએ અફસોસ! ભાઇઓ! તમારા એ વ્હેમી કૃત્યો તરફ! બ્હેનો! હજારો જોગી જતિઓ એ બ્હાને તમને છેતરી જાય છે. યુવાન સ્ત્રીઓ છોકરાંઓની લાલચે, અગર પતિને વશ કરવાને માટે દોરા ધાગા કરાવી બદલામાં પૈસા આપી એવા ધૂતારાઓને મદદ કરેછે. અરે! પાછળથી જાણે છે સમજે છે કે આપણ છેતરાયાં, તોપણ તેવા લોકોપર તેઓ ફરીથી વિશ્વાસ મુકે છે. અરેરે! એવા સમાજના શત્રુઓને તો આપણે જ્યાં ત્યાંથી શોધી શોધીને દેશમાંથી હાંકી કાઢવા જોઇએ, તેને બદલે આપણુજ તેઓને મદદ કરીએ એ કેટલો જુલમ??? એવા દુષ્ટ અત્યાચારીઓને જો કોઇ તરફથી પોતાના એ સત્યાનાશીયા ધંધામાં મદદ ન મળે તો તેઓ આપોઆપ તે ધંધો છોડીદે, પરંતુ અફસોસ! તેવાઓને તમો મદદ કરોછો અમુક છોડનો રસ ચોપડી તૈયાર કીધેલા ચપ્પુથી લીંબુ કાપી લાલ પાણી કાઢવાથી આપણ તેને ભોળાઇમાં લોહી સમજીએ છીએ, અને તેમનાં કાવતરામાં ફસાઇ જઇએ છીએ ભાઇઓ! સમજો, અને એવા લોકોને તમારા સમુહમાંથી હાંકી કાઢો. આર્યવાસીઓને ભીખ માગતાં ન શીખવો, અને ધૂર્તવિદ્યાકરી ધૂતી

ખાનારા આળસુ ન બનાવો. બેશક આંધળાં, લૂલાં, પાંગળાં અને અપંગ લોકો કે જેઓ પોતાનું પોષણ કરવાને અશક્ત છે તેવાઓને મદદ કરો; પરંતુ તંદુરસ્ત શરીરવાળા મહારાજો અને ઢોંગી ધુતારાઓને મફતમાં તમારો પૈસો ન ખવરાવો. એવાઓને પોષી તમે પુન્ય લેવાનું સમજો છો પરંતુ યાદ રાખો કે હિંદુસ્તાનને માટે એ સર્પો તમે ઉછેરો છો, તે આપણનેજ ડસશે. ત્રીસકોટી મનુષ્યોમાં દશકોટી માણસ કમાય છે. સુખીછે. બાકીના વીસ કરોડમાંના ઘણા ખરા એવા જોગટા ધૂતારા ઢોંગી લોકો આપણા વ્હેમી લોકો ઉપર તાગડધીન્ના કરે છે. આવા તમારા સંસાર તરફ કેટલા યુવકોને અફસોસ થાય છે. પરંતુ શું કરે! નગારાંના દીર્ઘ નાદો આગળ પીપુડીના સ્વરો કોણ સાંભળે? ભાઇઓ! હવે તમારી કર્ણેંદ્રિયોને તીક્ષણ થવાદો. ને બારીક પીપુડીના સ્વર ઉપર ધ્યાન આપો, તો તમો જાતે સુખી થઇ તમારા વંશજોને જરૂર સુખી કરી શકશો.

" રડવા કૂટવાની દૂષ્ટ રૂઢી "

બ્હેનો! ચાલુ જમાનામાં આ રૂઢીએ પણ તમારા સુખનો કચ્ચડ઼ઘાણ વાળ્યો છે. ભોગ જોગે જો કોઇ સગામાં અવસાન થયું હોય તો ખુલ્લી છાતી રાખી જોરથી કુટવું પડે છે, ઉંચે ઉંચે કુદીને પછડાવું પડે છે ને ગાથાં દિવાલો સાથે અફાળવાં પડે છે. પછી તે સ્ત્રી ગમે તે વયની અગર ગમે તે સ્થીતિમાં હોય; છતાં જો તેમ ન કરે તો તેની નીંદા થાય છે. અરેરે! આથી તો તમારા હ્રદય પર

ખરાબ અસર થાય છે; અને ઘણી વખતે બૈરાંઓને હૃદયનો રોગ (હાર્ટ ડીઝીઝ) લાગુ પડે છે, કેટલી મહિલાઓ સદાને માટે પોતાનાં અમુલ્ય નેત્રો ગુમાવે છે; ઘણી ગર્ભિણી સ્ત્રીઓ ઉંચે કુદવાની અસરથી પોતાના વહાલા સન્તાનને (ગર્ભને) ગુમાવી બેસે છે, અને અનેક તરેહના રોગોને આધીન થાયછે. તે સઘળું **રડવા કુટવાની દુષ્ટ રૂઢીનેજ આભારી છે.** આપણે જાણીએ છીએ કે મરનાર રડવા કુટવાથી પાછું આવતું નથી તો પછી આવાં નકામાં ટાયલાં કરી જીંદગીથી શા માટે દુઃખી થવું ? પરંતુ અફસોસ ! કે આર્ય મહિલાઓ હજુ સમજી શકતી નથી.

મરનારનાં સગાં વ્હાલાંને આશ્વાસન આપવાને બદલે તેને ઘેર આમ રડારોળ કરી તે કમનસીબ કુટુંબી જનોને ધીરજ ન આપતાં ગભરાવી નાખવું તે શું આપણી ક્રૂરતા નથી ? અરે ! તમોને ખબર હશે કે રડવા આવનારમાંનાં ઘણાં ખરાં ગામગપ્પાં હાંકવા, સાંભળવા અગર કોઇ ને રડતાં ન આવડતું હોય તો તેના ઠઠ્ઠા કરવા આવે છે. અથવા તો કોઇ પોતાનાં ગુજરેલાં સગાંને યાદ કરીને રડયા કરે છે. ભગિનીઓ ? પરપુરૂષને મ્હોં બતાવતાં તમો શરમાઓ છો અને જાહેર રસ્તાઓમાં ખુલ્લી છાતીએ, અવ્યવસ્થિત કપડાંએ તમો ઉંચે ઉંચે કુદીને કુટો છો તે શું લાજીમ છે ? આર્ય માતાઓ ! હજુ સુધરો અને તમારી સ્થિતીનો વિચાર કરો. વળી આથી પણ વધુ અફસોસ તો એ છે કે મરનારને ગુજર્યાને ઘણો વખત થાય ત્યાં સુધી તેનાં સગાંઓએ રડવું તથા ખુણામાં બેસી રહેવું પડે છે. કોમળ બાંધાની નાજુક સ્ત્રીઓ ઉપર આ રૂઢી પણ ખરાબ અસર કરે છે.

વળી દીપોત્સવી જેવા આનંદના દિવસે ગુજરનારને મરણુશરણુ

થયે પાંચ છ માસ થયા હોય, અને સંબંધી જનો તેનો શોક કંઈક વીસરવાં આવ્યાં હોય, ત્યાં તો આપણી સ્ત્રીઓ તેમને ત્યાં રડવા જાય છે. અને શુભ શુકનદાયક અવસરે તેને ત્યાં કલ્પાંત કરવા ઉપરાંત, લીંટલાળના ઢગલા પાડી, પાશેર અડધો શેર તપખીરની ખરાબી કરી, તેના સંબંધીને પુનઃ શોક રૂપી સમુદ્રમાં ધકેલે છે. અફસોસ!! આગ લાગો આવી દુષ્ટ રૂઢી પર, કે જે અમારા હિંદુ સંસારનું સત્યાનાશ વાળે છે. અને અમારી આર્ય માતાઓ, ભગિનીઓ, દુહિતાઓ, અને ગૃહિણીઓની પ્રાણહારીણી થાય છે. બ્હેનો! વખતની તમને કંઇ કીંમત નથી; પરંતુ એક સ્ત્રીને સરેરાસ મહિનામાં ફક્ત પાંચજ દિવસ આ નકામા કાર્યમાં વ્યતિત કરવા પડે તો વરસ દિવસે ખાસા બે મહિના થાય. હવે ધારો કે તે સ્ત્રી પચાસ વર્ષ જીવે તો આઠ વરસને ચાર માસ જેટલો લાંબો સમય તો તેનો એકલો રડવામાંજ જાય. માટે હજુએ વિચારો. સમયની કિંમત સમજો. અને આવી પ્રાણહારિણી દુષ્ટ રૂઢીનો સંગ છોડો.

"તહેવારો અને આનંદના દિવસોએ થતી ઘેલછા."

આપણાં વ્હેમ અને રૂઢીઓ તહેવારો સુદ્ધાંમાંએ પહોંચી જતાં અટકી નથી. અમુક તહેવારમાં અમુક કાર્ય કરવું. અમુકજ ચીજ ખાવી વિગેરે ઘણાં ટાપલાં ઘુશી ગયાં છે. આ સઘળું કદાચ લઇ ચલાવાય એવું અથવા ઢાંક પીછોડી કરવા જેવું છે. પરંતુ હોળીકા

સમયે જે દુષ્ટ રીતભાતથી આપણે વર્તિએ છીએ તે હિંદુ સમાજને નાલેશી કરનાર છે. હોળીને આપણે ઉત્પન્ન કેમ થઇ ? તે માટે શું ધારીએ છીએ તે હું પ્રથમ જણાવીશ તો અસ્થાને નહિજ થાય.

હોલિકા ઉદ્દ્ભવ થવાનાં ચાર કારણો મતિ અનુસાર ગણવામાં આવે છે.

૧ પ્રાચીન કાળે દરેક આર્યપુત્ર (દ્વીજ-બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય) ખટકર્મ કીધા સિવાય કદિ પણ અન્ન પ્રાસન કરતો નહિં. અને ખટકર્મમાં યજ્ઞ એ પણ એક કાર્ય તરીકે આવી જતો. એટલે પુરાતન સમયે દરેક ઘેર દરરોજ યજ્ઞ થતા. અને તેમાં હોમવામાં આવતાં ઉત્તમ સુગંધિવાળાં દ્રવ્યોથી આજુબાજુની હવા શુદ્ધ થતી. આમ દૈનિક યજ્ઞો સિવાય પાક્ષિક અને માસિક યજ્ઞો પણ થતા. હાલમાં સારા નરસા પ્રસંગે (લગ્ન યા મર્ણ) યજ્ઞ કરવામાં આવે છે. અથવા પ્લેગાદિ દુષ્ટ રોગો ચાલતા હોય ત્યારે દેવોને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરવામાં આવે છે. બાકી દૈનિક યજ્ઞોનું તો નામ પણ નથી. એવી રીતે પાક્ષિક યજ્ઞો પણ દિવસે દિવસે ભૂલાતા ગયા. પરંતુ જે રૂતુમાં નુતન ધન ધાન્ય અને ફળ ફળાદિ થાય છે તેવી રૂતુમાં તે ઉત્તમ વસ્તુઓનું બળિદાન આપવા અર્થે આ પાક્ષિક યજ્ઞ જળવાઇ રહ્યો છે.

૨ એક કાર્ય કરવા પછી માણસ કંટાળે છે ત્યારે તેને નુતન કાર્ય શરૂ કરવા પહેલાં કંઈ આરાએશની જરૂર હોય છે. વિશ્રાન્તિ સિવાય મનુષ્યનું મગજ કાર્ય કરી શકતું નથી, અને તેથી નવાં ધન ધાન્ય પકવી તૈયાર કરી અને ઘરમાં લાવતાં જે અથાગ શ્રમ પડે છે તેની વિશ્રાન્તિની ખુશાલીમાં ઉત્સવ ઉજવવામાં આવે છે અને

તે નવીન ધન ધાન્યો તથા ફળ ફુલને તે મહાન યજ્ઞને પ્રથમ અર્પવામાં આવે છે.

૩ દરેક ઋતુ બદલાતાં હિંદુઓમાં એક દિવસે સાથે મળી આનંદ કરવાનો ચાલ હતો. અને દરેક ઋતુમાં વસંત ઋતુ શ્રેષ્ટ હોવાથી તેના આનંદ કરવાના દિવસને હોલિકા તરીકે ગણ્યો હોય. ગામડામાં હજુ ઘણે સ્થળે ઉન્હાળો બેસવાના દિવસે સાથે મળીને ગમ્મત કરવામાં આવે છે, અને તેને " ઉન્હાળો પાટ (રાજ) બેઠો " કરીને કહેવામાં આવે છે.

૪ જ્યારે પ્રલ્હાદજી કોઇ પણ ઉપાયે મરણ ન પામ્યા ત્યારે હિરણ્યકશ્યપે પોતાની હોળિકા નામક બ્હેન કે જે અગ્નિથી સ્નાન કરતી હતી. તેના ખોળામાં બેસાડી તેની આસપાસ કાષ્ટનો મોટો ઢગ કરી આગ પ્રગટાવી; પરંતુ સદભાગ્યે પ્રલ્હાદજી સહીસલામત રહ્યા અને દુષ્ટ રાક્ષિસણી અગ્નિની પ્રચંડ જ્વાળાઓમાં ભસ્મિભૂત થઇ ગઇ, એટલે ભગવાનનો પરમ ભક્ત ઉગર્યો તેની ખુશાલીમાં એ તહેવાર પળાય છે.

આમ ભિન્ન ભિન્ન મતો તેને માટે ઉચ્ચારવામાં આવે છે છતાં એ જે દિવસને તમો પ્રલ્હાદ જેવા ભક્તના જન્મ દિવસ તરીકે ગણો છો, જે દિવસને મહાન યજ્ઞનો દિવસ ગણો છો અને જે દિવસને તમો નુતન ફળ ફુલ અને ધન ધાન્ય અર્પનાર, ઉમદા ઋતુમાં પ્રવેશનાર આનંદનો દિવસ ગણો છો તે દિવસે સામા સામી કીચડ, ગંદાં પાણી, રંગ, ધુળ વિગેરે નાખી તથા બીભસ્ત ભાષાઓ તમારા બાળકો પાસે બોલાવી તથા પારકી વસ્તુઓ (લાકડાં–છાણાં) ચોરતાં શીખવી તમો આનંદમાં ડોલો છો. અફસોસ! અફસોસ! હજારો કામની અને કીંમતી ચીજોને બાળી નાખી તમો રાજી થાઓ છો! અને પત્થર અને લાકડીઓથી લડાઇઓ કરી પોતાનાંજ માથાં ફોડો છો. ભાઇઓ! ત્હમારી અક્કલ કયાં બ્હેર મારી ગઇ છે???

આપણી સ્ત્રી સામે કોઇ નજર કરે તો આપણ તેને મારવા દોડીએ છીએ; અને ટંટો કરીએ છીએ; અને તેજ આપણ પોતે પરસ્ત્રીઓને પકડી ઝકડી ધૂળમાં રગદોળીએ છીએ. અરે! તે વખતે તમારી ઉપરોક્તવૃત્તિઓ કયાં જતી રહે છે? આથી બીજું નુકશાન તો એ છે કે પરસ્ત્રીઓને પારકા પુરૂષો ધૂળમાં રગદોળતાં અનેક વિકારો અનુભવે છે; અને ભ્રષ્ટ વ્યવહાર ચલાવે છે; આથી અનેક સુંદરીઓ પરપુરૂષ સ્પર્શ દુષિત થાય છે. અને આખરે તેનાં દુષ્ટતાજનક પરિણામો આવે છે. તદુપરાંત શરીર ખરાબ થાય છે, રંગના પૈસા મફતમાં જાય છે, કપડાંનો કચરઘાણ નીકળી જાય છે; અને ઘણા વખત સુધી ભીંજાએલાં ફરવાથી શરદીથી માણસો માંદા પડે છે. બાળકો ચોરી કરતાં તથા માબાપો આગળ છુટથી બોલતાં શીખે છે. અને વખત તથા પૈસાનો વ્યય થાય છે. ભાઇઓ! આટલું નુકશાન થતાં, આટલી હાની છતાં એ તમે સમજતા નથી! અજબ છે! આથી તો આપણે આપણા દેવ દેવતાઓ મહાન પુરૂષો અને આપણા તહેવારો માટે વિદેશીઓના મનમાં ખરાબ અસર ઉત્પન્ન કરીએ છીએ. અને જે હિંદુધર્મને આપણ સર્વદેશીય અને સર્વથી શ્રેષ્ટ માનીએ છીએ, તેજ હિંદુધર્મને—પવિત્ર ધર્મને—આપણી આવી ઘેલછાઓથી આપણે અવનતિના ઉંડા ખાડામાં ધકેલી મુકવા પ્રયત્ન કરીએ છીએ.

ભાઇઓ! અને બ્હેનો!! હજુએ ચેતો! સમય છે. માણસ માત્ર ભુલને પાત્ર છે. આજ સુધીનું તમારૂં આ કાર્ય ભૂલમાં ગણી હવે તે ભૂલને સુધારવા કમરકસો, અને દુનિઆની નજરમાં તમો, તમારો ધર્મ, અને તમારી કોમમાટે માન અને લાગણી ઉત્પન્ન કરો.

"મુગાં પ્રાણીઓનું રક્ષણ કરો."

શરીર સંપત્તિ સાથે આર્થિક સંપત્તિ પણ જો સારી હોય તો આપણું જીવન સુખી થઇ શકે છે. આર્થિક સંપત્તિનો આધાર મુખ્યત્વે વેપાર ઉપર છે. વેપારનો આધાર ધન ધાન્યના પાક ઉપર છે; અને પાકનો આધાર વરસાદ, જમીન, બળદો અને ગાયો ભેંસો ઉપર છે. એકંદરે દુનિઆનો તમામ આધાર આ મુંગાં પ્રાણીઓ ઉપર છે. તો આખા જગતને જીવાડનાર પ્રાણીઓ તરફ તમે કેવી રીતે વર્તો છો? તે વિચારો. તેમના માટે તમારા પુત્રો કરતાં પણ વિશેષ કાળજી રાખો; તેમને ખવરાવવા પીવરાવવામાં નીયમિત રહો, તેમની રહેવાની જગ્યા હમેશાં સ્વચ્છ અને તમે તમારા પોતાને રહેવા માટે પસંદ કરો તેવી રાખો. પરંતુ દીલગીરી થાય છે કે આપણે તેમની જેવી જોઇએ તેવી કાળજી રાખતા નથી. જરા વિચારો કે નામદાર સરકાર પોતે આ બાબતને ઘણીજ સારી રીતે સમજે છે, અને તેથી તે દર-વર્ષે પ્રદર્શન ભરી જેનાં જાનવરો રૂષ્ટ પુષ્ટ હોય તેને ઇનામો આપી બીજા ખેડુતોમાં જાનવરોની સાચવણની ઉત્સાહનું પ્રોત્સાહન બળ રેડે છે અફસોસ! કે જ્યારે નામદાર સરકાર ખુદ તમારી આટલી કાળજી રાખે છે, છતાં તમો તે તરફ મુદ્દલે ધ્યાન આપતા નથી હિંદુસ્તાનમાં આર્યોની પૂણ્ય ભૂમિમાં—લાખ્ખો ગાયો, ભેંસો દરસાલ કપાય છે; અને તેને પરિણામેજ ખેતીનાં સાધનો આટલાં મોંઘાં થાય છે, છતાં આપણે તેનો અટકાવ કરવા કંઇ પણ કરતા નથી. હમણાંજ એક પારસી સદ્-ગૃહસ્થ હિંદુસ્તાનના ક્રોડો માણસોની સહીઓ લઇને, લંડનમાં નામ-

દાર શહેનશાહ જ્યોર્જ પાંચમાને અરજ ગુજારવા અને ગાયોનું રક્ષણ માગવા ગયા છે. "પ્રભો તેમને આવાં ધાર્મીક કાર્યમાં સહાય થાઓ!! આશા છે કે નામદાર સરકાર આ બાબતનો યોગ્ય વિચાર કરશે." છતાં આપણે ખુદ ખેડુતો કે જેનો મુખ્ય આધાર તેમના ઉપરજ છે. તેઓ કશુંએ કરી શકતા નથી. અરેરે! જેના બળથી આપણ કરોડો મણ ધાન્ય પકવીએ છીએ; તે બળદને પોતાની મજુરીમાંથી ઉત્પન્ન થયેલ ધાન્યમાંથી એક કોળીયો પણ ખાવાનો હક નથી. અને ઉલટા આપણ એટલા ક્રુર અને નિર્દય થઇએ છીએ, કે તેમનાં મ્હોં પણ બાંધી લઇએ છીએ; કે રખેને તેઓ ખાઇ જાય, છતાં એ આપણે તેમનું યોગ્ય જતન કરતા નથી. એ ઓછો જુલમ? તમારો પ્રાપ્ત કરેલ પૈસો તમને કોઇ વાપરવા ન આપે તો રહ્યું. પરંતુ જો તે તમારૂં પુરેપુરૂં પોષણ પણ ન કરે તો તમને કેવું લાગે? જે ગાયોમાંથી તમો દહીં દુધ માંખણ અને ઘી ઉપરાંત બળદો જેવાં રત્નો મેળવો છો, તેનું તમે કેટલું રક્ષણ કરો છો? અરેરે! આપણે તેના દુધના એટલા તો લોભી થઇએ છીએ કે તેના ખુદ બાળકને વાછરડાને પણ તે દુધ આપણ પીવા દેતા નથી. બળદ કે ગાય રૂપી વાછરડાની બક્ષીસ ઉપરાંત આપણે તેની પાસેથી બેવડો લાભ માગીએ છીએ. બિચારાં મુગાં પ્રાણીઓ તે પણ આપે છે. **તેઓ તો ચંદન જેવાં છે. ગમે તો તે વૃક્ષને તમો કાપો, છુંદો, ઘસો કે બાળો છતાં તે તો તમને સુવાસજ આપશે.**

તેમ તમો તેને પાળો પોષો કે દુઃખ દો, છતાંએ તેતો તમને વાછરડા રૂપી બક્ષીસ, અને દહિં, દુધ, ઘી વિગેરે અનેક પૌષ્ટિક પદાર્થો આપે છે. તો શું આપણે તેમનો બચાવ કરવો ન જોઇએ? પરંતુ

અંધ શ્રદ્ધાવાળા આપણુ તો આપણી રૂઢીઓમાંજ રચ્યા પચ્યા રહ્યા છીએ. એટલે તેમને પોષવાનો સમય કયાંથી લાવીએ ? પરંતુ સજ્જનો! સમજો. અને તેઓને ઉછેરવામાં તન તોડ મહેનત કરો. તેમના સુખનો ભોગ આપીને જેમ તેઓ તમારૂં પોષણ કરે છે, તેમ બહેતર છે કે તમારા હાથે પડેલાં ગરીબ મુગાં પ્રાણીઓનાં રક્ષણ માટે તમે પણ સ્વસુખનો ભોગ આપો. અને જેના પર આપણો સઘળો આધાર છે. તેવાં પ્રાણીઓને બચાવો. રક્ષણ કરો. અને સુવ્યવસ્થિત રીતે ગજા-ઉપરાંત કાર્ય ન કરાવો. દોઢ મણ બોજો ઉચકતાં આપણે થાકી જ-ઇએ છીએ; અને કદાચ તેથી વધુ હોય તો ઉપાડવા આનાકાની કરીએ છીએ, અગર વધારાનો બોજો કાઢી નાખીએ છીએ, ત્યારે વાચા વિનાનાં બિચારાં નિર્દોષ પ્રાણી ઉપર ગજા ઉપરાંત ભાર ભરી, ન ચાલી શકનારા બળદોને બળાત્કારે ખેંચવાની ફરજ પાડતા આપણે રાક્ષસી હસ્તેથી તેઓને માર મારીએ છીએ. તે શું ઓછો જુલમ ! ! તમારા પાસે ગજા ઉપરાંત વજન ઉંચકાવવા કોઇ તમને એવો માર મારે તો કેવું થાય ? તે વિચારો. અને દયાળુ હિંદુ ભાઇઓ ! દયાપ-ણાનો ડોળ ઘાલનારા ભાઇઓ ! ! એવા નિર્દય ન બનો. તમારા અંતઃકરણમાં શુદ્ધ અને સાત્વિક દયાનો ઝરો નિરંતર વહેવાવ્યો. અને સ્વાર્થની ખાતર નહીં તો પરમાર્થની ખાતર પણ મુંગાં પ્રાણીઓનું રક્ષણ કરો.

"એકજ માર્ગે વિચરવાની ખરાબ રૂઢી."

આ બધા કરતાંએ બાપદાદાના કરેલા ચીલાઓમાં તમારાં ભાગ્યાં તૂટયાં ગાડાંઓને ચલાવ્યા કરવાની તમારી રૂઢી ધિઃકારને પાત્ર છે. કવિ દલપતરામભાઇએ અફસોસ કરતાં કહ્યું છે કેઃ—

" પણ ઉદ્યમ નરમાં નથી નથી વળી સઘળો શોધ,
કુળ ઉદ્યમ સૌકો કરે અવર ન બીજો બોધ;
કુળ ઉદ્યમ તૂટે કદી તો તૂટે નર તેહ,
અવર ન બુદ્ધિ ઉપજે અચરજ સરખું એહ. "

અરેરે ! ખેડુતનો દીકરો એ કાર્યમાં સાવ ઘસાઇ જશે તો પણ બાપીકો ધંધો છોડશે નહીં. આપણી આ રૂઢીથીજ આ સ્થીતિ થઇ છે. ભાઇઓ ! દુનિયાએ પાસું ફેરવ્યું છે; જમાનો બદલાયો છે; હવે હજારો વર્ષપરની અનુકુળતા પ્રમાણે લખેલાં પુસ્તકો ઉપર તમારો સર્વસ્વ ભરોસો ન રાખો. દેશ-વિદેશ જાઓ. વિદેશી કળાઓ શીખી લાવો; જુનાં પુરાણાં ખેતીનાં હથિયારો છોડો. અને નુતન મશીનરીઓ વાપરી, સાયન્સ રીતીએ તમારાં ક્ષેત્રોને કેળવી ખેતી કરો. તો ખરે-ખર ઉત્તમ ખેતી તે ઉત્તમજ નીવડશે. અને ઓછી મહેનતે ચારથી પાંચ ગણું વધુ ધાન્ય તમો મેળવી શકશો. ભાઇઓ ! જમાનો પોતા-ની ગંજાવર પાંખો પ્રસારી સુસવાટા મારતો ગતિ કરે છે. નજર કરો તમારી હાલત ઉપર અને એક દૃષ્ટિપાત કરો જમાનાની ગતિ ઓળ-ખનારી ઇંગ્રેજ, અમેરિકન, અને જાપાની કોમ ઉપર—શું તમને તમારી હાલત ઉપર દયા નહિ આવે ? તમારી જમીનમાંનાં તમે શા માટે એકની

એક ચીજ વાવ્યાં કરો છો ? ભિન્ન ભિન્ન પદાર્થો શા માટે ઉછેરવા પ્રયત્ન નથી કરતા ? કયા ધાન્યને કેવી હવા માફક આવે છે ? કયા જંતુઓ ખેતીને નુકશાન કરે છે ? વિગેરે તમારા હિતની તપાસ કરવામાં તમો તમારૂં ધ્યાન રોકો છો કે ? ફુરસદના સમયે ખેતીવાડીને ઉપયોગી પુસ્તકો વાંચો છો કે ? ના. તે ન બને. શી રીતે ? અભણ માણસોને શું ખબર કે દુનિયા કેમ ચાલે છે ? જો તમો શીખેલા હો તો દુનિઆની ગતિ જોઇ શકો; અને " આપણે તો તદન પછાત છીએ " એમ વિચારી પશ્ચાતાપ કરતાં શીખો; અને અનુભવથી નહીં તો પુસ્તકો વાંચીને તથા તે પ્રમાણે વર્તિને પણ તમે તમારી સ્થીતિ સુધારી શકો. ભાઇઓ ! અમુક કાર્ય મારાથી કેમ થઇ શકશે ? એમ કદીએ શંકા રાખતા નહિ. નેપોલીઅન કહેતો હતો કે " કાળા માથાનો મનુષ્ય ધારે તે કરી શકે છે, અને તેની ડીક્ષનેરીમાંથી "અશક્ય" શબ્દજ ફેંકી નાખવો જોઈએ છે. " ખરેખર ! આગગાડી, સ્ટીમર, મીલ, એરોપ્લેન, બલુન, ટોરપેડો વિગેરે તરફ જુવો તો ખબર પડશે; કે મનુષ્ય ચ્હાય તે કરી શકવાને શક્તિવાન છે. અશકયતાથી ઇંગ્રેજોએ દરિયામાં ન ઝીંપલાવ્યું હતે તો, જેના રાજ્યમાં કદી સૂર્યાસ્ત થતો જ નથી, તેવું રાજ્ય શી રીતે સંપાદન કરતે ? કોલમ્બસે અજાણ્યા સમુદ્રમાં પગ મુકવા પહેલાં અશકયતા રાખી હતે તો દુનિઆમાંનો મહાન દેશ—અમેરિકા—અત્યારે શું સ્થીતિમાં હતે ? માટે મારા બંધુઓ ! ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, રે ઉદ્યમ કરો. દરેક પળો લાખ્ખોની કીંમતની છે. આળસમાં તેને નકામી ન ગુમાવો. પરંતુ તે કીમતી ક્ષણોની પુરેપૂરી કીંમત વસુલ કરો. કારણ કે :—

" ઉદ્યમથી એકકો હજારને હઠાવી દીએ;
ઉદ્યમથી ધન ધાન્ય ધાર્યું મેળવાય છે. "

તમો પણ તેજ ઉદ્યમનું શરણુ ગ્રહણુ કરો. અને પછી જુઓ કે તમો તમારી સ્થીતિ સાથે દેશની પણ કેવી આબાદાની કરી શકો છો. દલપતરામભાઇએ કહ્યું છે કેઃ—

" મુસલમાનને હીંદુ સુણો મુજ દેશી સમસ્તો,
કહીએ કાળો નાગ ચીન વિલાયત રસ્તો;
તેનું કરો નેતરૂં રવૈયો બોટ બનાવો,
સાગર મંથન કરી ફરી લક્ષ્મિ નીપજાવો.

ધ્યાન આપો આપણા વડીલોની શીખામણો ઉપર, બ્હેમો છોડો અને વિદેશમાં વિચરો અને ત્યાંથી હજારો હુન્નરો શીખી લાવી દેશને મદદ કરો, આળસ છોડો, તથા આપણી બ્હેનોને અને દીકરીઓને કેળવો. ઉદ્યોગ કરો અને પરમાત્મા જરૂર તમને તમારી સફરમાં સફળતા આપશે. સ્વામી વિવેકાનંદ કહે છે કે :—" આપણે પ્રવાસ અવશ્ય કરવો જોઈએ. વિદેશી ભૂમિમાં જવું જોઈએ. આપણે જો ફરીવાર એક પ્રજા થવા માંગતા હોઇએ, તો સમાજનું યંત્ર બીજા દેશોમાં કેવી રીતે કાર્ય કરે છે, અને બીજી પ્રજાઓના મગજમાં શું વલણ છે ? તે આપણે જાણવું જોઇએ. તથા તેની સાથે સિધો અને સ્વતંત્ર વ્યવહાર રાખવો જોઇએ."

" તમારા સાંકડા દરોમાંથી બહાર નીકળી બીજા લોકો તરફ જરા ડોળા ઉઘાડી જુઓ ! અન્ય પ્રજાઓ કેટલી ઝડપથી આગળ વધતી જાય છે. મનુષ્ય જાતિપર તમને પ્રેમ છે કે ? તમારી જન્મ ભૂમિપર પ્રેમ છે ? જો તેમ હોય તો ચાલો આપણે બધા જે જે વધારે ઉચ્ચ અને સારૂં છે, તેને માટે જીવતોડ મહેનત કરીએ."

"જાગૃત થાઓ અને સાધ્યં જ્યાં સુધી પ્રાપ્ત નથી કર્યું ત્યાં સુધી વિરમો નહિં. **उत्तिष्ठत जागृत प्राप्य वरान्ति बोधत ।** એવું વેદો કહે છે. ઉઠો ! ઉઠો ! ! લાંબી રાત્રી પસાર થઇ ગઇ છે ! અને દિવસ આવે છે. સમુદ્રનું મોજું ઉછળ્યું છે; હવે તે ભરતીનું રૂપ લે છે. ત્યારે તેના વેગ સામે પ્રતિરોધ કરવા કોઇ પણ શક્તિમાન થશે નહિં. તે ભરતી ! તે મારા શિષ્યો ! પ્રેમ છે ! અરે પ્રેમ છે ! શ્રદ્ધા છે ! અરે શ્રદ્ધા છે ! તો ભય ન રાખો." "નાની શરૂઆત થાય તો ડરો નહિ, કારણ કે મહાન વસ્તુઓ પછીથીજ આવે છે. ધૈર્યવાન થાઓ જીવન ટુંકું છે. તો તે જીવનને મહાન ઉદેશ માટે અર્પણ કરો.

"આ જીવન આવે ને જાય છે. સંપદા, કીર્તિ, ભોગ વિલાસ, ફક્ત થોડા દિવસોને માટે છે. જગતના એક ક્ષુદ્ર કીડા માફક મરવા કરતાં, સત્યનો ઉપદેશ કરતાં કર્તવ્ય ભૂમિ પર મરવું એ સારૂં–વધારે દરજ્જે સારૂં છે–આગળ વધો મારા બહાદુર પુત્રો ! ભગવાન તમને બધું સમજવાની બુદ્ધિ આપશે. મારા પુત્રો ! પ્રયાણ કરો. પ્રભુનો જય થાઓ !"

સ્વામી ભારતીય શેવકે પોતાનું ભાષણ પૂર્ણ કર્યું. અને અત્યંત તાળીઓના ગડગડાટ વચ્ચે તેઓએ આસન લીધું.

નરભેરામ ભાઇ ઉઠયા. અને તેઓએ બોલવા માંડ્યું.

"શ્રીમાન સ્વામી શ્રી ભારતીય સેવક ! મુખીસાહેબ ! ભ
અને બ્હેનો ! આજના સ્વામીશ્રીના વિદ્વત્તાભર્યા ભાષણ
કોઇ સમજી શકયાં હશે કે આપણ અવનતિના ઉં
છીએ. સ્વામીશ્રીના અપ્રતિમ ભાષણ પછી

બોલવા જેવું રહ્યું નથી. પરંતુ તેઓશ્રીના ભાષણ ઉપર તમો સર્વે વિચાર કરશો. અને તે પ્રમાણે વર્તવા પ્રયાસ કરશો. સ્વામીશ્રીના આ કાર્ય માટે આપણે બધા તેઓશ્રીનો પુનઃ આભાર માનીશું." કાન ફાડી નાખે તેવા તાળીઓના ગડગડાટ થયા. ધીમે ધીમે સભા જને વિસર્જન થયા.

❀ ❀ ❀ ❀

સ્વામીશ્રી ભારતીય સેવક આજે પણ જ્યાં ત્યાં વિચરી આવા પ્રયાસો ચાલુ રાખે છે. અને પોતાના ભાષણોથી માણસોને સુધાં છે તેમના ભાષણની અસરથી કમાલપુરના વતનીઓની સ્થિતિમાં ઘણો સંતોષજનક સુધારો થયો છે. અને ત્યાંના વતનીઓ અધુના સુખી છે.

इत्योम्.

સમાપ્ત.